**સમય સંદેશ**

પ્રોપટી લે-વેચ, પ્રોડક્ટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

**સમય સંદેશ કાર્યાલય**

૫૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

મો.૮૮૬૬૦૬૬૦૬૦



સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

શ્રાવણ વદ - ૦૭ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર


**આજનો સુવિચાર**

યોગ્ય સમયે લેવામાં આવેલ કડવી ચુસકી ઘણીવાર જીવનને મીઠી બનાવી દે છે!


વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૭૫ ● તારીખઃ ૦૩.૦૯.૨૦૨૬, ગુરૂવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060


# શ્રાવણી મેળામાં ભક્તિ કરતાં બજેટનો 'બોજ' ભારે? લાખોના ખર્ચ સામે પારદર્શકતાના સવાલો

## પાર્કિંગ ગ્રાઉન્ડના પોલ-કેબલિંગથી લઈને લાઈટિંગ, CCTV અને સાઉન્ડ સિસ્ટમ સુધી લાખોનો ખર્ચ કરવાનો તંત્રનો તખ્તો તૈયાર



**સમય સંદેશઃ જામનગર**
**(ભાર્ગવી યોગેશભાઈ વ્યાસ દ્વારા)**

જામનગરમાં શ્રાવણી મેળાનો માહોલ જામ્યો છે. મેળામાં ગીત-સંગીત, રોશની અને ફોટોસેશન માટે લોકોની ભીડ ઉમટી રહી છે. એક તરફ મેળામાં મનોરંજનનો માહોલ જોવા મળી રહ્યો છે, ત્યારે બીજી તરફ મેળાના આયોજન પાછળ થનારા ખર્ચને લઈને હવે સવાલો ઉઠવા લાગ્યા છે. ખાસ કરીને પાર્કિંગ ગ્રાઉન્ડ ખાતે વિવિધ સુવિધાઓ ઉભી કરવા માટે લાખો રૂપિયાના ખર્ચના આયોજન સામે ખર્ચની જરૂરિયાત અને પ્રક્રિયાની પારદર્શકતા અંગે ચર્ચા શરૂ થઈ છે.

મળતી વિગતો મુજબ પાર્કિંગ ગ્રાઉન્ડ ખાતે પોલ ગાળા અને કેબલિંગના કામ માટે અંદાજે રૂ. ૭.૯૫ લાખ, જ્યારે લાઈટિંગ અને ડેકોરેશન માટે રૂ. ૬.૯૬ લાખનો ખર્ચ આયોજનમાં છે. આ ઉપરાંત CCTV કેમેરા માટે રૂ. ૪ લાખ અને સાઉન્ડ સિસ્ટમ માટે રૂ. ૮૫,૪૨૨નો ખર્ચ દર્શાવવામાં આવ્યો છે.

એટલે કે માત્ર આ ચાર કામ પાછળ જ લગભગ રૂ. ૧૯.૭૬ લાખનો ખર્ચ થવાનો છે. મેળો કેટલા દિવસનો છે અને આ માળખાકીય સુવિધાઓનો ઉપયોગ કેટલા સમય માટે થવાનો છે, તે જોતા આ ખર્ચ ખરેખર જરૂરી છે કે પછી આયોજનમાં ખર્ચને વધુ મહત્વ આપવામાં આવ્યું છે, તેવો સવાલ હવે ઉઠી રહ્યો છે.

**રૂ. ૭.૯૫ લાખનું પોલ-કેબલિંગ, ખરેખર આટલો ખર્ચ કેમ?**

પાર્કિંગ ગ્રાઉન્ડ ખાતે પોલ ગાળા અને કેબલિંગ માટે રૂ. ૭.૯૫ લાખનો ખર્ચ દર્શાવવામાં આવ્યો છે. ત્યારે સામાન્ય રીતે સવાલ થાય કે કેટલા પોલ નાખવાના છે? કેટલા મીટર કેબલ નાખવામાં આવશે? કયા પ્રકારની કેબલ અને સામગ્રીનો ઉપયોગ થશે? તેમજ આ કામનો અંદાજ કયા માપદંડના આધારે તૈયાર કરવામાં આવ્યો છે? જો આ તમામ વિગતો જાહેર કરવામાં આવે તો જ સામાન્ય નાગરિકોને પણ ખ્યાલ આવી શકે કે દર્શાવવામાં આવેલો ખર્ચ વાસ્તવિક જરૂરિયાતને અનુરૂપ છે કે નહીં.

**લાઈટિંગ-ડેકોરેશન પાછળ રૂ. ૬.૯૬ લાખનો ખર્ચ**

મેળામાં લાઈટિંગ અને ડેકોરેશન આકર્ષણનું કેન્દ્ર બને તે સ્વાભાવિક છે. પરંતુ તેના માટે રૂ. ૬.૯૬ લાખનો ખર્ચ કરવામાં આવવાનો હોય ત્યારે તેની વિગતો પણ જાહેર થવી જરૂરી છે. કેટલી લાઈટો લગાવવામાં આવશે? કેટલા દિવસ માટે વ્યવસ્થા રહેશે? ડેકોરેશનમાં કઈ સામગ્રીનો ઉપયોગ થશે? ભાડે લેવાયેલી સામગ્રીનો ખર્ચ કેટલો અને ખરીદીનો ખર્ચ કેટલો? આવા સવાલોના જવાબો સામે આવે તો જ ખર્ચની વાસ્તવિકતા સ્પષ્ટ થઈ શકે.

**CCTV માટે પણ ચાર લાખ!**

મેળામાં સુરક્ષા માટે ઈઈઝટ કેમેરા જરૂરી છે, પરંતુ CCTV માટે રૂ. ૪ લાખનો ખર્ચ દર્શાવવામાં આવ્યો છે. ત્યારે કેમેરાની સંખ્યા, તેમની ક્ષમતા, રેકોર્ડિંગની અવધિ, કંટ્રોલ રૂમની વ્યવસ્થા અને કેમેરા ભાડે લેવાશે કે ખરીદવામાં આવશે.આ તમામ બાબતો અંગે પણ સ્પષ્ટતા જરૂરી છે. સુરક્ષાના નામે થતો ખર્ચ યોગ્ય છે કે નહીં, તે ચકાસવા માટે તંત્રએ ખર્ચની સંપૂર્ણ વિગતો જાહેર કરવી જોઈએ.

**સાઉન્ડ સિસ્ટમનો ખર્ચ રૂ. ૮૫ હજારથી વધુ**

મેળામાં સાઉન્ડ સિસ્ટમ માટે રૂ. ૮૫,૪૨૨નો ખર્ચ પણ આયોજનમાં છે. અન્ય ત્રણ મોટા ખર્ચની સરખામણીમાં આ રકમ ઓછી જણાય છે, પરંતુ સમગ્ર આયોજનમાં દરેક ખર્ચનું કારણ અને બજેટ સ્પષ્ટ હોવું જરૂરી છે.

**ટેન્ડર પ્રક્રિયા સામે સૌથી મોટો સવાલ**

આ સમગ્ર મામલે સૌથી મહત્વનો મુદ્દો છે ટેન્ડર પ્રક્રિયાની પારદર્શકતા. આ કામો માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યું છે કે કોટેશનના આધારે કામગીરી સોંપવામાં આવી છે? કેટલા ઇજારદારો અથવા એજન્સીઓએ ભાગ લીધો? સૌથી ઓછું અને સૌથી વધુ ભાવ કેટલો હતો? કામ કોને મળ્યું? અને મંજૂર થયેલા ખર્ચનો આધાર શું છે? આ તમામ માહિતી જાહેર કરવામાં આવે તો જ 'જાહેર નાણાંનો યોગ્ય ઉપયોગ' થઈ રહ્યો છે કે નહીં તે અંગે સ્પષ્ટતા થઈ શકે.

**લાભ કોને? ખર્ચ કોના ખિસ્સેથી?**

મેળાના આયોજનમાં ખર્ચ થવો નવી વાત નથી. પરંતુ જ્યારે જાહેર નાણાંમાંથી લાખો રૂપિયાનો ખર્ચ થવાનો હોય ત્યારે દરેક રૂપિયાનો હિસાબ આપવાની જવાબદારી તંત્રની બને છે.

મેળો લોકો માટે છે કે મેળાના કામોના કોન્ટ્રાક્ટથી કોઈ ચોક્કસ વર્ગને લાભ પહોંચાડવા માટે? એવો સવાલ ઉઠે તે પહેલાં જ તંત્રએ પારદર્શક વિગતો જાહેર કરવી જોઈએ. માત્ર અંદાજિત ખર્ચ જાહેર કરીને વાત પૂરી થઈ જતી નથી; ખર્ચ પાછળનો આધાર, ટેન્ડરની પ્રક્રિયા અને કામની ગુણવત્તા પણ જાહેર ચર્ચાનો વિષય બનવા જોઈએ.

હાલમાં સામે આવેલા આંકડા માત્ર ચાર કામના છે, ત્યારે મેળાના સમગ્ર આયોજન પાછળ કુલ કેટલો ખર્ચ થવાનો છે અને અન્ય કયા કામો માટે કેટલી રકમ ફાળવાઈ છે, તે પણ જાહેર થાય તો સમગ્ર ચિત્ર વધુ સ્પષ્ટ બની શકે.

**તંત્ર સ્પષ્ટતા કરે, સવાલોનો અંત લાવે**

જામનગરના શ્રાવણી મેળામાં શ્રદ્ધા અને મનોરંજનનો માહોલ જળવાઈ રહે તે જરૂરી છે, પરંતુ તેની સાથે જાહેર નાણાંના ખર્ચમાં પારદર્શકતા પણ એટલી જ જરૂરી છે.

રૂ. ૭.૯૫ લાખના પોલ-કેબલિંગ, રૂ. ૬.૯૬ લાખના લાઈટિંગ-ડેકોરેશન, રૂ. ૪ લાખના CCTV અને રૂ. ૮૫,૪૨૨ની સાઉન્ડ સિસ્ટમ માત્ર આ ચાર કામમાં જ લગભગ રૂ. ૧૯.૭૬ લાખનો ખર્ચ થવાનો છે.

**હવે નજર તંત્રની સ્પષ્ટતા પર છે**

શું આ તમામ ખર્ચ વાસ્તવિક જરૂરિયાત મુજબ છે?

શું ટેન્ડર પ્રક્રિયા સંપૂર્ણ પારદર્શક છે?

અને સૌથી મોટો સવાલ જાહેર નાણાંના આ ખર્ચનો સાચો લાભ કોને મળશે?

# કેન્દ્રીય મંત્રીમંડળમાં મોટાપાયે વિસ્તરણ અને ફેરબદલની તૈયારીઃ ૧૬થી ૧૭ જેટલાં નવા ચહેરાઓને મળી શકે છે તક

## નિતિન ગડકરીના મંત્રાલયમાં ફેરફાર અને અશ્વિની વૈષ્ણવનું કદ વધવાની શક્યતા; ૨૦૨૭ અને ૨૦૨૯ની ચૂંટણીઓને ધ્યાને રાખી વડાપ્રધાન મોદીએ ઘડી રણનીતિ

**સમય સંદેશઃ નવીદિલ્હી**

કેન્દ્રની મોદી સરકારના મંત્રીમંડળમાં ટૂંક સમયમાં મોટો રાજકીય ઉલટફેર જોવા મળી શકે છે. વહીવટી કામગીરીને ગતિ આપવા અને આગામી મહત્વપૂર્ણ ચૂંટણીઓને સાધવા માટે કેબિનેટ વિસ્તરણની ચર્ચાઓએ જોર પકડ્યું છે. આ સંભવિત ફેરબદલમાં કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરીના મંત્રાલયમાં ફેરફાર થઈ શકે છે, જ્યારે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારા અશ્વિની વૈષ્ણવને મોટું પ્રમોશન મળવાના સંકેત છે. મંત્રીમંડળમાં ૧૬થી ૧૭ નવા ચહેરાઓને સ્થાન મળી શકે છે, જે માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સાંસદો સાથે 'ચાય પે ચર્ચા' અને બ્રેકફાસ્ટ બેઠકો મારફતે નવી ટીમની



પૂર્વતૈયારીઓ શરૂ કરી દીધી છે. જન્માષ્ટમીના પર્વ આસપાસ અથવા સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં આ અંગે મોટી જાહેરાત થવાની શક્યતા છે. હાલમાં મોદી સરકારના મંત્રીમંડળમાં ૬૯ મંત્રીઓ છે, જ્યારે બંધારણીય મર્યાદા મુજબ મહત્તમ ૮૧ મંત્રીઓ રાખી શકાતા હોવાથી ૧૨ પદો સંપૂર્ણપણે ખાલી છે. આ ઉપરાંત લગભગ ૧૪ કેબિનેટ મંત્રીઓ વધારાનો પ્રભાર સંભાળી રહ્યા હોવાથી તેમનું ભારણ ઘટાડીને કામગીરી ઝડપી બનાવવાનો હેતુ છે. આ ફેરબદલ પાછળ વર્ષ ૨૦૨૭માં યોજાનારી ઉત્તર પ્રદેશ અને પંજાબની વિધાનસભા ચૂંટણીઓ તેમજ ૨૦૨૯ની લોકસભા


**અનુ પાના નં.૨ પર**


# રામ મંદિર ટ્રસ્ટના CEO તરીકે નિવૃત્ત એર માર્શલ જિતેન્દ્ર મિશ્રાની નિમણૂક, ત્રણ નવા સભ્યનો પણ સમાવેશ

**સમય સંદેશઃ અયોધ્યા**

શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ માટે નવા ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (CEO)ની જાહેરાત કરી દેવાઈ છે. નવા ઈઊઘ તરીકે નિવૃત્ત એર માર્શલ જિતેન્દ્ર મિશ્રાના નામ પર અંતિમ મહોર લાગી ગઈ છે અને તેઓ ટૂંક સમયમાં મંદિર વહીવટની મુખ્ય જવાબદારીઓ સંભાળશે.

અયોધ્યામાં રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ દ્વારા CEOની સત્તાવાર જાહેરાત પહેલાં ટ્રસ્ટમાં ૩ નવા સભ્યોની નિમણૂક કરવામાં આવી છે. આ નવા સભ્યોમાં અયોધ્યાથી મદન મોહન પાંડે, દિલ્હીથી મહેશ ભાગચંદકા અને શિકોહાબાદથી નિર્મલા યાદવનો સમાવેશ થાય છે.

ચંપત રાય અને અનિલ મિશ્રાના રાજીનામા તેમજ વિમલેન્દ્ર મોહનના નિધન બાદ ટ્રસ્ટમાં ૩ પદો ખાલી પડ્યા હતા. નવા બનેલા ટ્રસ્ટીઓ પૈકી મહેશ



ભાગચંદકા અશોક સિંઘલના સંબંધી છે, જ્યારે મદન મોહન પાંડે હાઈકોર્ટમાં મંદિર પક્ષ તરફથી વકીલ રહી ચૂક્યા છે. આ ત્રણેય નવા સભ્યો ટ્રસ્ટની બેઠકમાં ઓનલાઇન માધ્યમથી જોડાયા હતા. બુધવારે મંદિરના પ્રથમ ઈઊઘના નામની જાહેરાતને લઈને ટ્રસ્ટની મહત્ત્વપૂર્ણ બેઠક યોજાઈ. બેઠક દરમિયાન નિવૃત્ત એર માર્શલ જિતેન્દ્ર મિશ્રાની પસંદગી કરવામાં આવી છે. CEO પદ માટે દેશભરમાંથી કુલ ૫,૫૮૫ અરજીઓ


**અનુ પાના નં.૨ પર**


# નેપાળમાં ભીષણ પૂર બાદ બચાવ કાર્ય પુરજોશમાંઃ પીએમ બાલેન શાહે ભારત અને ચીનનો આભાર માન્યો







**સમય સંદેશઃ ડેસ્ક**

નેપાળમાં ભોટેકોશી સહિતની નદીઓમાં આવેલા ભીષણ પૂરના કારણે સર્જાયેલી ભારે તારાજી વચ્ચે રાહત અને બચાવ કાર્ય વેગવંતુ બન્યું છે. પૂર હોનારત બાદ સંસદને બોધતા નેપાળના વડાપ્રધાન બાલેન શાહે આફતના સમયે ત્વરિત અને જરૂરી મદદ પહોંચાડવા બદલ ભારત અને ચીન બંને પાડોશી દેશોનો આભાર વ્યક્ત કર્યો છે. તેમણે હિમાલયી ક્ષેત્રમાં બરફ અને ખડકો તૂટવાથી સર્જાયેલી આ ઘટનાને આબોહવા પરિવર્તન (ક્લાઈમેટ ચેન્જ)ની ગંભીર ચેતવણી ગણાવીને આ વૈશ્વિક જોખમ સામે લડવા સમગ્ર વિશ્વની સહિયારી જવાબદારી હોવાનું ભારપૂર્વક જણાવ્યું હતું.

આ વિનાશક પૂરમાં અત્યાર સુધીમાં ૧૧૨૭ થી વધુ લોકોના કરુણ મોત નિપજ્યા છે, જ્યારે ૪૮૦૦ થી વધુ લોકો હજુ પણ ગુમ છે. જળવિદ્યુત પ્રોજેક્ટ્સની સુરંગોમાં અનેક કર્મચારીઓ ફસાયેલા હોવાની આશંકા વચ્ચે ભારતીય રેસ્ક્યુ ટીમ અને નેપાળી સેના દ્વારા સઘન શોધોપચાર ચાલુ છે. આ કપરી સ્થિતિમાં ભારતે


**અનુ પાના નં.૨ પર**



# શેરબજારમાં અચાનક મોટો કડાકોઃ સેન્સેક્સ ૭૫૦ પોઈન્ટ પટકાયો, રોકાણકારોના ₹૫ લાખ કરોડ ધોવાયા

**સમય સંદેશઃ મુંબઈ**

સ્થાનિક શેરબજારમાં બુધવારે અચાનક મોટો કડાકો બોલાતા રોકાણકારોમાં ભારે અફડાતફડી મચી ગઈ હતી. બજાર ખુલતાની સાથે જ બીએસઇ સેન્સેક્સ લગભગ ૭૫૦ પોઈન્ટ તૂટીને ૭૬,૧૩૫ની નીચલી સપાટીએ પહોંચી ગયો હતો, જ્યારે નિફ્ટી ઘટીને ૨૩,૭૮૬ના દૈનિક નીચા સ્તરે સરકી ગયો હતો. શેરબજારમાં આવેલી આ અચાનક મંદીના કારણે બીએસઇ-લિસ્ટેડ કંપનીઓના રોકાણકારોને મિનિટોમાં જ ૫ લાખ કરોડનું જંગી નુકસાન વેઠવું પડ્યું હતું. બજારમાં ઉતાર-ચઢાવ દર્શાવતો ઈન્ડિયા વિક્સ ૩ ટકાથી વધુ વધીને ૧૧.૮૬ પર પહોંચ્યો હતો, જેમાં નિફ્ટી આઈટી ક્ષેત્ર સૌથી વધુ ૨ ટકાથી વધુ તૂટ્યું હતું.

બજારમાં સાર્વત્રિક કડાકા પાછળ મુખ્યત્વે પાંચ વૈશ્વિક કારણો જવાબદાર હોવાનું સામે આવ્યું છે. મધ્ય પૂર્વમાં અમેરિકા અને ઈરાન વચ્ચે લશ્કરી તણાવ વધતાં યુદ્ધના એંધાણ ઘેરા બન્યા છે, જેના લીધે વૈશ્વિક સ્તરે બ્રેન્ટ ક્રૂડ ઓઈલના ભાવ ઉછળીને ૯૬ પ્રતિ બેરલને પાર પહોંચી ગયા છે. આ સિવાય યુએસ ટ્રેઝરી યીલ્ડ ૩ વર્ષની ઊંચી સપાટી ૪.૮૧ ટકાએ પહોંચવા સાથે વૈશ્વિક સ્તરે બોન્ડ યીલ્ડ વધતાં ફુગાવાની ચિંતા ઘેરી બની છે. તેના પરિણામે એશિયન અને યુએસ બજારોમાં ભારે ઘટાડો જોવા મળ્યો હતો, જેની સીધી અસર ભારતીય બજાર પર પડી હતી. આજના કારોબાર દરમિયાન આઈટી સેક્ટરના દિગ્ગજ શેર ઈન્ફોસિસમાં લગભગ ૩ ટકાનો ઘટાડો નોંધાયો હતો, જ્યારે ટીસીએસ, એચસીએલ ટેક, ઈન્ડિગો અને એમએન્ડએમના શેરો ૨ ટકા જેટલા તૂટ્યા હતા. ક્રૂડના વધતા ભાવ અને ડોલરની મજબૂતીના કારણે ભારતીય રૂપિયો પણ ૨ પૈસા નબળો પડીને ૯૪.૯૭ પ્રતિ ડોલરની સપાટીએ ખુલ્યો હતો.

# મધ્યપ્રદેશના રીવામાં ગમખ્વાર અકસ્માતઃ બસ અને બલ્કર સામસામે ધડાકાભેડ અથડાયા, ૧૨ના મોત



**સમય સંદેશઃ રીવા**

મધ્યપ્રદેશના રીવા જિલ્લામાં નેશનલ હાઈવે નંબર ૩૯ પર એક ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો છે. આ દુર્ઘટના બદબાર સ્ટેન્ડ નજીક બની હતી, જ્યાં સીધી તરફથી આવી રહેલી પવન એક્સપ્રેસ બસ અને રીવા તરફથી આવી રહેલા બલ્કર ટ્રક વચ્ચે સામસામે જોરદાર ટક્કર થઈ હતી. આ ભીષણ અકસ્માતમાં પ્રાથમિક અહેવાલો મુજબ આશરે ૧૨ લોકોના મોતની આશંકા છે, જોકે આ અંગે હજુ સુધી સત્તાવાર પુષ્ટિ થવાની બાકી છે.

ટક્કર એટલી પ્રચંડ હતી કે બસના કુરચેકુરચા ઊડી ગયા હતા અને ઘટનાસ્થળે ભયંકર ચીસાચીસ મચી ગઈ હતી. સ્થાનિક રહીશોએ તાત્કાલિક ગુઢ પોલીસ સ્ટેશનને આ દુર્ઘટનાની જાણ કરી હતી. માહિતી મળતાં જ પોલીસ પ્રશાસન અને રાહત ટીમો ઘટનાસ્થળે દોડી આવી હતી. સ્થાનિક લોકોના સહકારથી તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ દુર્ઘટનામાં આશરે ૨૦ જેટલા મુસાફરો ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયા છે, જેમને એમ્બ્યુલન્સ તેમજ અન્ય વાહનો દ્વારા તાબડતોબ રીવાની સંજય ગાંધી હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા છે.

મળતી વિગતો અનુસાર, આ ગોઝારો અકસ્માત બદબાર સ્ટેન્ડ નજીક બન્યો હતો. રીવાથી સીધી તરફ જઈ રહેલી પવન ટ્રાવેલ્સની મુસાફરોથી ભરેલી બસ સામેથી પૂરપાટ ઝડપે આવી રહેલા બલ્કર ટ્રક સાથે ધડાકાભેર અથડાઈ હતી. બંને વાહનો વચ્ચેની ટક્કર એટલી જોરદાર હતી કે બસ ચાલકે કાબૂ ગુમાવતાં તે રસ્તાની બાજુમાં આવેલા તળાવ જેવા ઊંડા પાણી ભરેલા ખાડામાં ખાબકી હતી.

અકસ્માત બાદ ઘટનાસ્થળે ભારે નાસભાગ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. બસનું માળખું સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગયું હોવાથી અંદર બેઠેલા અનેક મુસાફરો


**અનુ પાના નં.૨ પર**


# અમદાવાદ શહેરના નિકોલમાં AMCના લોકદરબારમાં સ્થાનિકોનો ભારે હોબાળોઃ સ્ટેજ સુધી દોડી આવ્યા લોકો



**સમય સંદેશઃ અમદાવાદ**

અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા નિકોલ વિસ્તારના પ્રશ્નોના નિરાકરણ અર્થે યોજાયેલા લોકદરબારમાં સ્થાનિક લોકોએ ભારે દેકારો બોલાવીને હોબાળો મચાવ્યો હતો. મેયર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન અને ભાજપના પ્રદેશ ઉપાધ્યક્ષ ગોરધન ઝડફિયા સહિતના અગ્રણીઓની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં માત્ર ચોક્કસ પસંદગીના લોકોને જ રજૂઆત કરવા માટે આમંત્રણ અપાયાનો આક્ષેપ કરીને લોકો રોષે ભરાયા હતા. વાતાવરણ તંગ બની જતાં અને સ્થાનિક લોકો રજૂઆત કરવા સીધા સ્ટેજ સુધી દોડી આવતાં આખરે ગોરધન ઝડફિયાએ પોતે સ્ટેજ પરથી નીચે ઉતરીને લોકોને શાંત પાડવા અને સમજાવવાના પ્રયાસો કરવા પડ્યા હતા.

લોકદરબાર દરમિયાન સ્થાનિકોએ વિસ્તારમાં રોડ પર વધી ગયેલા લારી-ગલ્લાના દબાણો અને શાકમાર્કેટના કારણે સર્જાતી ગંભીર ટ્રાફિક સમસ્યાને લઈને તંત્ર સામે ભારે તડાપીટ બોલાવી હતી.


**અનુ પાના નં.૨ પર**

## તંત્રી સ્થાનેથી..



### સરકારી 'લઠ્ઠાબાજી' !

આપણી પ્રાથમિક શાળાઓએ છેલ્લા ત્રણ-ચાર દાયકામાં માત્ર બાઘાઓનું નિર્માણ કર્યું છે. જેના પર સરકારો અભિમાન લેતી હોય છે એ શાળાના ઓરડાઓ અને શૌચાલયો છે. આજ સુધી કદી કોઈ સરકારે શાળાઓમાં રહેલા પુસ્તકોની સંખ્યા પ્રજાને કહી નથી. સાવ ખોટા મુદ્દાઓના જ ઢોલ વગાડયા છે. વળી પ્રજાએ સાંભળ્યા છે. આ બાઘા વિદ્યાર્થીઓની માતાઓ માથે બેડા લઈને ગામને પાદરે જેમનું સ્વાગત કરવા ટોળે વળે છે એ લોકોએ જ એમના સંતાનોના ભવિષ્ય માટે પ્રશ્નાર્થ ઉભા કર્યા છે. પ્રજાએ એ વાત સ્પષ્ટ રીતે સમજી લેવાની જરૂર છે કે કોઈ સરકાર કે કોઈ નેતા એના સંતાનોની એકેડેમિક લાઈફમાં કોઈ ચમત્કાર કરી શકે નહિ. એવી અપેક્ષા રાખવી એ જ મૂર્ખતા છે. શિક્ષકો ધારે તો બાજી પલટાવી શકે. પરંતુ સ્ત્રીઓ એટલે કે શિક્ષિકાઓ સિવાયના જે શિક્ષકો છે એમાંથી પંચોતેર ટકા શિક્ષકો પાન-મસાલા-ગુટખા-ગુટખીના વ્યસની છે. વ્યસની વિદ્યાવાન ન હોઈ શકે એટલે એ પગારદાર દુર્જનો તમારા સંતાનોનું કલ્યાણ કરી ન શકે. એમના વ્યસનો પર આચાર્યો કે કેળવણી નિરીક્ષકોનો અંકુશ નથી કારણ કે મહદ્ કિસ્સાઓમાં ખુદ ગબ્બર વ્યસની છે. ગુજરાત પ્રજાએ પરિશ્રમ અને બુદ્ધિ ચાતુર્યથી કમાયેલા પૈસા જ્યાં રીતસર પાણીમાં જાય છે એ વિદ્યાક્ષેત્ર છે. છતાં કેટલાક સારા પરિણામો જોવા મળે છે એનું કારણ માતાપિતાની જાગૃતિ છે. તેઓ પોતાના પાલ્યના શિક્ષકો અને આચાર્યને નિયમિત મળે છે. વિદ્યાર્થી ઘરે હોમવર્ક કરે ત્યારે પિતા પાસે બેસે છે. માતા તો હોમ(નું) વર્ક આખો દિવસ કરતી જ હોય છે. પરંતુ પિતાની નજર પડે તો ફેર પડે છે. જ્યાં સિંગલ પેરેન્ટ ચાઈલ્ડ હોય એટલે કે એકલવાયી માતા જ જવાબદારી ઉપાડતી હોય ત્યાં એણે આકરા થવું પડે તો જ સંતાનની ગાડી પાટે ચડે. શિક્ષણનું મુખ્ય કામ પાઠય વિષયોમાં એની રસવૃત્તિને સક્રિય કે પ્રવૃત્ત કરવાનું છે અને એ તો ભાગ્યે જ કોઈને આવડે છે. અભ્યાસક્રમ પૂરો કરવામાં જિંદગીના પાઠ અધૂરા રહી જતા હોય છે એ કહેવાતા મા-સ્તરના પગારદાર માનસને કોણ સમજાવે ? ટેકનોલોજીના ધૂમ વિકાસનો ઉપયોગ જો આવડે તો વિદ્યાર્થીઓ હવે પહેલા જેટલા શાળા-કોલેજ પર નિર્ભર નથી. દરેક વિદ્યાર્થીને એકલવ્ય બનવાની અને ઉચ્ચ ગિરિશિખરો સર કરવાની તક ઈન્ટરનેટે આપી જ દીધી છે. એમ માનો કે અર્વાચીન યુગની આ એક ચમત્કૃતિ છે. પણ એને આત્મસાત કરવા માટે જે આત્મશક્તિ અને સંકલ્પ જોઈએ એ તો વિદ્યાર્થીમાં જ વિદ્યમાન હોવા જોઈએ ટેકનોલોજી ન આપે.





## હાલારના હાલહવાલ

# હજારો ખેડૂતોના સમર્થન વચ્ચે ખંભાળિયામાં દુષ્કાળ ઘોષણા સત્યાગ્રહનો વધુ એક દિવસ

### ધારાસભ્ય ઇટાલીયા, 'આપ' પ્રમુખ ઇસુદાન ટ્રેકટર લઇને પહોંચ્યાઃ અંગ્રેજોની જેમ સરકારે પણ ખેડૂતોની માંગ સામે ઝુકવું પડશે




**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયાના પાદરમાં ખેડૂત નેતા અને આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીના અનિશ્ચિતકાળના ધરણા આંદોલનનો મંગળવારે ચોથો દિવસ પૂર્ણ થયો હતો. મુખ્ય ચાર માંગણીઓ સાથે શરૂ કરાયેલા આ 'દુષ્કાળ ઘોષણા સત્યાગ્રહ'માં જામનગર, દ્વારકા અને પોરબંદર સહિતના વિસ્તારોમાંથી હજારો ખેડૂતો સ્વયંભૂ જોડાઈને સમર્થન આપી રહ્યા છે. આ કાર્યક્રમમાં આપના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા, ધારાસભ્ય ગોપાલ ઇટાલિયા, હેમંત ખવા, પ્રવીણ રામ અને બ્રિજરાજ સોલંકી સહિતના અગ્રણી નેતાઓ અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. તમામ નેતાઓ અને ખેડૂતોએ એકસૂરે અછતગ્રસ્ત વિસ્તારોને સત્તાવાર રીતે દુષ્કાળગ્રસ્ત જાહેર કરવાની ઉગ્ર માંગ કરી હતી.

સત્યાગ્રહ છાવણી ખાતેથી ઈસુદાન ગઢવીએ રાજ્યમાં વરસાદની તંગીના કારણે સર્જાયેલી ગંભીર પરિસ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે ચોમાસુ પાક સંપૂર્ણ નિષ્ફળ ગયો છે અને બોર-કૂવાના પાણી સુકાઈ જતાં શિયાળુ વાવણીની પણ કોઈ શક્યતા નથી. તેમણે આરોપ લગાવ્યો હતો કે ખેડૂતો પોતાના હકના વળતરની માંગ કરી રહ્યા છે ત્યારે સરકાર સહાય આપવાના બદલે સરપંચો, કર્મચારીઓ અને પોલીસ મારફતે આંદોલન દબાવવાનો પ્રયાસ કરી રહી છે. તેમણે સ્પષ્ટ ચેતવણી આપી હતી કે જો બુધવારની કેબિનેટ બેઠકમાં રાજ્યને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં નહીં આવે તો બપોરે ૨ વાગ્યા પછી આંદોલનના આગામી અને બીજા તબક્કાની સત્તાવાર જાહેરાત કરવામાં આવશે.

આ પ્રસંગે ધારાસભ્ય ગોપાલ ઇટાલીયા અને પ્રવીણ રામ સહિતના નેતાઓએ જણાવ્યું હતું કે ઓછા વરસાદને કારણે ખેડૂતો કરોડોના આર્થિક નુકસાનના આરે આવીને ઊભા રહ્યા છે. સરકારે તાત્કાલિક દુષ્કાળ જાહેર કરીને ખેડૂતો, ભાગ્યાઓ અને ખેતમજૂરોને મદદરૂપ થવું જોઈએ જેથી કરીને મોટું આર્થિક સંકટ ટાળી શકાય. મનોજ સોરઠીયાએ ખેડૂતોને એકજૂથ થઈને લડત આપવા આહવાન કર્યું હતું. અંતમાં ઈસુદાન ગઢવીએ રાજ્યના તમામ ખેડૂતોને હિંમત ન હારવા અને નિરાશ થઈને કોઈ પણ અસંયમિત પગલું ન ભરવા માટે ભાવુક અપીલ કરી હતી.

### ભાણવડમાં પશુ સેવા સંસ્થાની લોકજાગૃતિ રંગ લાવી

# એક જ મહિનામાં ૧૧૨ વન્ય જીવો બચાવ્યા



**સમય સંદેશઃ ભાણવડ**

ભાણવડ તાલુકામાં વન્યજીવ જાગૃતિ વધતાં લોકો સાપને મારવાને બદલે બચાવી રહ્યા છે. છેલ્લા દોઢ દાયકાથી વધુ સમયથી વિનામૂલ્યે સેવા આપતા જાણીતા જીવદયા પ્રેમી અશોકભાઈ ભટ્ટ અને તેમની ટીમે ઓગસ્ટમેક એક જ મહિનામાં રેકોર્ડબ્રેક ૧૧૨ વન્યજીવોનું સફળ રેસ્ક્યૂ કર્યું છે.

આ કામગીરીમાં સૌથી મોટું આકર્ષણ અત્યંત દુર્લભ ગણાતી 'ઇન્ડિયન રોક પાઇથોન' પ્રજાતિના ૨૯ વિશાળકાય અજગરોનું રેસ્ક્યૂ રહ્યું છે. આ ઉપરાંત ૪૪ કોબ્રા, ૧ કાળોતરો, ૪ ખળચિતળ તેમજ ૧૯ ધામણ, ૪ રૂપસુંદરી સહિતના અન્ય સરિસૃપોને પણ ઉગારાયા છે.

આ રેસ્ક્યૂ દરમિયાન મળી આવેલા તમામ ઈજાગ્રસ્ત સાપ અને અજગરને તાત્કાલિક યોગ્ય સારવાર આપી પૂર્ણપણે સ્વસ્થ કર્યા બાદ જ મુક્ત કરવામાં આવ્યા છે. એનિમલ લવર્સ ચેરિટેબલ ટ્રસ્ટ અને સ્થાનિક વન વિભાગના સંયુક્ત સહયોગથી તમામ ૧૧૨ જીવોને સુરક્ષિત રીતે તેમના મૂળ પ્રાકૃતિક આવાસમાં મુક્ત કરાયા છે. માનવ-વન્યજીવ સંઘર્ષ અટકાવતી અશોકભાઈ અને એનિમલ લવર્સ ચેરિટેબલ ટ્રસ્ટની રેસ્ક્યુ ટીમની આ સેવા સમગ્ર પંથક માટે આશીર્વાદરૂપ બની છે.

# ઓખાથી ૮૦ નોટિકલ માઈલ દૂર મધદરિયે માછીમારને હાર્ટ એટેક આવતા કરૂણ મોત

**સમય સંદેશઃ ઓખા**

ઓખાના આર.કે. બંદર વિસ્તારમાં રહેતા અને મૂળ ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના વતની ૬૪ વર્ષીય માછીમારનું દરિયામાં માછીમારી દરમિયાન હૃદયરોગનો હુમલો આવતા મોત નિપજયું છે. આ બનાવથી માછીમાર પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

મળતી માહિતી મુજબ, બાબુભાઈ નારણભાઈ બાંભણિયા સોમવારે તા. ૩૧ના રોજ અન્ય માછીમારો સાથે 'દક્ષરાજ' નામની બોટમાં માછીમારી માટે ઓખાથી દરિયામાં ગયા હતા. બોટ ઓખાથી અંદાજે ૮૦ નોટિકલ માઈલ દૂર પહોંચી હતી ત્યારે બાબુભાઈ બોટની કેબીનના પાછળના ભાગે ઊભા રહી દરિયામાંથી જાળ ખેંચી રહ્યા હતા.

દરમિયાન અચાનક તેમને હૃદયરોગનો ગંભીર હુમલો આવ્યો હતો. હુમલાની અસરથી તેમની તબિયત બગડતાં તેમનું મોત નિપજ્યું હતું. ઘટનાની જાણ થતાં જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ અંગે ઉના તાલુકાના વતની ભીમાભાઈ રણછોડભાઈ મજીઠીયાએ સ્થાનિક પોલીસને જાણ કરી હોવાનું જાણવા મળ્યું છે.


**સરકારમાન્ય બૉન્ડ રાઈટર**

સરકારી સોગંદનામા, ભાડા કરાર, વેંચાણ કરાર, દસ્તાવેજી રજિસ્ટ્રેશન, કુલમુખત્યારનામા ગુજરાતી તથા અંગ્રેજીમાં.


નોટરીને લગતાં કામ માટે મળો

**અભિજીત જયંતકુમાર દવે**

મો.૮૪૬૦૪૫૯૫૨૦, ૮૮૬૬૮૮૧૯૯૯


# રિલાયન્સની આઈસ્ક્રીમ માર્કેટમાં ધમાકેદાર એન્ટ્રીઃ 'બોમ્બે ક્રીમરી' બ્રાન્ડ લોન્ચ

### માત્ર ૧૦થી શરૂ થતા આઈસ્ક્રીમ સાથે અમૂલ, મધર ડેરી અને ક્વોલિટી વોલ્સને ટક્કર આપવા મુકેશ અંબાણીની કંપની સજ્જ



**સમય સંદેશઃ મુંબઈ**



કેમ્પા સોફ્ટ ડ્રિંક દ્વારા સસ્તું અને ગુણવત્તાયુક્ત પીણું આપ્યા બાદ મુકેશ અંબાણીની માલિકીની રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝે હવે આઈસ્ક્રીમના કારોબારમાં ઝંપલાવ્યું છે. રિલાયન્સની એફએમસીજી કંપની 'રિલાયન્સ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ લિમિટેડ' દ્વારા પોતાની નવી આઈસ્ક્રીમ બ્રાન્ડ 'બોમ્બે ક્રીમરી' લોન્ચ કરવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. કંપનીએ ભારતીય પરિવારોને વાસ્તવિક ડેરી ક્રીમમાંથી બનેલો ઉચ્ચ ગુણવત્તાયુક્ત આઈસ્ક્રીમ અત્યંત આકર્ષક અને પરવડે તેવા ભાવે પૂરો પાડવાનો લક્ષ્યાંક રાખ્યો છે. આ નવી બ્રાન્ડ હેઠળ આઈસ્ક્રીમની શરૂઆતી કિંમત માત્ર ૧૦ રાખવામાં આવી છે, જેનાથી બજારમાં મોટો ફેરફાર આવવાની શક્યતા છે.

રિલાયન્સની આ નવી બ્રાન્ડ ભારતીય બજારમાં અમૂલ, મધર ડેરી અને ક્વોલિટી વોલ્સ જેવી સ્થાપિત બ્રાન્ડ્સ સામે સીધી સ્પર્ધા કરશે. બોમ્બે ક્રીમરીના ઉત્પાદનો વિવિધ પેકેજિંગ જેમ કે કપ, કાન, બાર, સ્ટિક્સ અને ટબ સ્વરૂપે ઉપલબ્ધ કરાવવામાં આવશે. પ્રથમ તબક્કામાં કંપની આ આઈસ્ક્રીમનું વેચાણ પશ્ચિમ ભારતમાં શરૂ કરશે અને ત્યારબાદ પોતાના રાષ્ટ્રવ્યાપી વિતરણ નેટવર્કનો ઉપયોગ કરીને ધીમે ધીમે સમગ્ર દેશમાં તેનો વિસ્તાર કરશે. વાસ્તવિક ડેરી ઘટકોના ઉપયોગ પર ભાર મૂકીને કંપની આ ક્ષેત્રમાં લાંબા ગાળાનું સ્થાન જમાવવા માંગે છે. અગાઉ વર્ષ ૨૦૨૩માં રિલાયન્સે ૧૦ની કિંમતે કેમ્પા લોન્ચ કરીને કોકા-કોલા અને પેપ્સી જેવી વૈશ્વિક બ્રાન્ડ્સ સામે ભાવયુદ્ધ છેડ્યું હતું.

## અનુસંધાન

### 'મોકડ્રીલ'નું આયોજન

(પાના નં. ૪ થી આગળ)

નિષ્ફળ બનાવી તમામ ૪ આતંકવાદીઓને ઠાર કરવામાં આવ્યા હતા અને તમામ બંધકોને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા હતા. જિલ્લા કલેક્ટર શ્રી પી. બી. પંડ્યા તથા પોલીસ અધિક્ષક શ્રી ડો.રવિ મોહન સૈનીના સીધા માર્ગદર્શન હેઠળ ઓપરેશન કમાન્ડર શ્રી કીર્તિદેવસિંહ ઝાલા, નાયબ પોલીસ અધિક્ષક શ્રી જયવિરસિંહ ઝાલા તથા શ્રી પંડ્યા, એલ.સી.બી. પોલીસ ઇન્સપેક્ટર શ્રી ચૌધરી વગેરે દ્વારા પોલીસ, આરોગ્ય, ફાયર, પી.જી.વી.સી.એલ., સિવિલ ડિફેન્સ, મરીન કમાન્ડો, બોમ્બ ડિસપોઝલ સ્ક્વોડ સહિતના તમામ વિભાગો વચ્ચે ગણતરીની ઘડીઓમાં સંકલન સાધવામાં આવ્યું હતું. એરપોર્ટ ખાતે યોજાયેલી આ મોકડ્રીલ થકી સુરક્ષા વ્યવસ્થાની ગહન ચકાસણી કરાઈ હતી અને વિવિધ એજન્સીઓ વચ્ચેના તાલમેલને વધુ મજબૂત બનાવવાનો પ્રયાસ કરાયો હતો. આ સફળ તાલીમ દ્વારા જામનગર જિલ્લા વહીવટી તંત્રએ સાબિત કર્યું કે તેઓ કોઈપણ પ્રકારની આપત્તિજનક પરિસ્થિતિનો સામનો કરવા માટે સંપૂર્ણપણે સજ્જ છે.

### દ્વારકાના રિસોર્ટ

(પાના નં. ૪ થી આગળ)

ખાતે રહેતા અન્ય પાંચ શખ્સો જયદીપ બાબુભાઈ કુકડીયા, ઉદયસિંહ ભરતસિંહ ગોહિલ, કાર્તિક હર્ષદભાઈ પડસાણા, હરિકૃષ્ણ રમેશભાઈ ગઢીયા અને ભરતસિંહ ફતેસિંહ ગોહિલ નામના કુલ છ શખ્સોને દબોચી લીધા હતા.

આ સ્થળેથી પોલીસે રૂ. ૬૫,૨૫૦ ની રોકડ રકમ તેમજ મોબાઈલ ફોન સહિત કુલ રૂ. ૧,૧૦,૨૫૦ નો મુદ્દામાલ કબજે કરી, ધોરણસર ગુનો નોંધવામાં આવ્યો હતો. આ સમગ્ર કાર્યવાહી અહીંની એલસીબી કચેરીના ઈન્ચાર્જ અધિકારી એન.એચ. જોશી, પી.એસ.આઈ. બી.એમ. દેવમુરારી અને એમ.આર. સવસેટાની ટીમ દ્વારા કરવામાં આવી હતી.

### જુગારના દરોડા

(પાના નં. ૪ થી આગળ)

શૈલેસ વસુનીયા અને ફકરૂ વસુનીયાને રૂ. ૧૦,૨૦૦ સાથે તથા સાતેશ્વર મહાદેવ મંદિર પાસે ઝાડ નીચેથી અમીત લાલકીયા, મહેશ લાલકીયા, રેનીશ વાઘેલા, લખીયાર ઉર્ફે લાખો ઘોઘા, રમેશ રાઠોડ અને નુરમામદ ભટ્ટીને રૂ. ૧૨,૪૦૦ની રોકડ સાથે ઝડપી લઈ જુગારધારા હેઠળ ગુનો નોંધ્યો હતો.

### દુષ્કાળગ્રસ્ત જાહેર

(પાના નં. ૪ થી આગળ)

જામનગર જિલ્લાના જળાશયો અને ચેકડેમો ભરવા માટે 'સૌની યોજના' (જ્અગઈ ઢ્ઞષફક્ષફ) નું પાણી કેનાલ અને અન્ય સોર્સ દ્વારા તાત્કાલિક છોડવામાં આવે, જેથી પિયત અને પશુઓ માટે પાણી ઉપલબ્ધ થઈ શકે. જગતના તાત અને પશુપાલકોની આ ગંભીર પરિસ્થિતિને ધ્યાને લઈ જિલ્લા કલેક્ટર દ્વારા સરકાર સ્તરે હકારાત્મક ભલામણ કરીને યોગ્ય અને તાકીદના વહીવટી પગલાં ભરવામાં આવે તેવી લોકમાંગ ઉઠાવવામાં આવી છે.

### કૃષ્ણભકતોના આગમન

(પાના નં. ૩ થી આગળ)

ભગવાન દ્વારકાધીશ દર્શન સરળતા કરી શકે એલ.ઇ.ડી સ્ક્રીનની ગોઠવણી કરવામાં આવી છે. ઉપરાંત, દ્વારકા ખાતે પધારતા શ્રદ્ધાળુઓ માટે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન શુક્રવારે રાત્રે ૮ વાગ્યે દ્વારકામાં હાથી ગેટ પાર્કિંગ ગ્રાઉન્ડ ખાતે યોજાશે.

જેમાં ખ્યાતનામ કલાકારો ગીતાબેન રબારી તથા ભાવેશ આહિર લોકડાયરાની પ્રસ્તુતિ કરશે. આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં તેમજ જન્માષ્ટમી પર્વે દ્વારકા પધારવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

### જમીનની કિંમત

(પાના નં. ૪ થી આગળ)

થયેલી આ મારામારી અંગે હરજીભાઈની ફરિયાદના આધારે દ્વારકા પોલીસે પરસોતમ નકુમ અને વાલજી નકુમ સામે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### કેન્દ્રીય મંત્રીમંડળ

(પાના નં. ૧ થી આગળ)

ચૂંટણીનું મજબૂત રાજકીય ગણિત કામ કરી રહ્યું છે. આથી મહારાષ્ટ્ર, પંજાબ અને ઉત્તર પ્રદેશ જેવા રાજ્યોને કેબિનેટમાં નવું અને મજબૂત પ્રતિનિધિત્વ સોંપવામાં આવશે. વર્ષ ૨૦૧૪થી અત્યાર સુધી મોદી સરકારમાં ૪ મોટા ફેરબદલ થઈ ચૂક્યા છે, જેમાં ચોક્કસ પેટર્ન જોવા મળે છે. નબળા પ્રદર્શન કે વિવાદમાં ઘેરાયેલા મંત્રીઓને હટાવીને કોર્પોરેટ શૈલીમાં નિર્ણય લેવામાં આવે છે, જ્યારે ટેક્નોક્રેટ્સ અને પૂર્વ અમલદારો પર વધુ ભરોસો મૂકવામાં આવે છે. આ સાથે જ ચૂંટણી વાળા રાજ્યોનું સોશિયલ એન્જિનિયરિંગ સેટ કરવાની અને 'એક વ્યક્તિ, એક પદ'ની નીતિનું કડક પાલન કરવાની ભાજપની પરંપરા રહી છે. આ તમામ પાસાઓને ધ્યાનમાં રાખીને જ આગામી કેબિનેટ મહાવિસ્તારની આખરી રૂપરેખા તૈયાર કરવામાં આવી રહી છે.

### રામ મંદિર ટ્રસ્ટ

(પાના નં. ૧ થી આગળ)

આવી હતી. નિવૃત્ત જસ્ટિસ પ્રમોદ કોહલીના વડપણ હેઠળની સ્ક્રીનિંગ કમિટીએ ૧૬ ઉમેદવારોના ઇન્ટરવ્યુ લીધા હતા અને અંતિમ ૩ નામોની યાદી બંધ કવરમાં ટ્રસ્ટના અધ્યક્ષને સોંપી હતી.

### નેપાળમાં ભીષણ

(પાના નં. ૧ થી આગળ)

રાહત સામગ્રી, દવાઓ, ટનલ-રેસ્ક્યુ નિષ્ણાતો અને મૃતદેહોની ઓળખ માટે ડીએનએ ફોરેન્સિક સ્પેશિયાલિસ્ટ સહિત મદદની પાંચમી ફ્લાઈટ પહોંચાડી છે. બીજી તરફ, ચીને ગ્યિરોંગ બોર્ડર હાઈવે ખુલ્લો કરીને રાહત પહોંચાડવામાં મદદ કરી છે. પૂરના કાટમાળ વચ્ચેથી ૪ દિવસ બાદ ૫ વર્ષના બાળકને જીવતો બહાર કાઢવામાં સફળતા મળી છે. અત્યાર સુધીમાં ઓળખ થયેલા ૯૫ મૃતદેહો પરિવારોને સોંપવામાં આવ્યા છે. ચિતવનમાં નારાયણી અને ત્રિશૂલી નદીઓમાં પાણીનું સ્તર હજુ પણ ભયજનક સપાટી પર છે. પીએમ બાલેન શાહે સ્પષ્ટતા કરી હતી કે ૨૬ ઓગસ્ટે આફત આવ્યાના ગણતરીના સમયમાં જ ઈમરજન્સી બેઠક બોલાવીને હેલિકોપ્ટર અને સેનાને તૈનાત કરી દેવામાં આવ્યા હતા અને હાલ તંત્ર પૂરા સામર્થ્યથી પરિસ્થિતિ થાળે પાડવાના પ્રયાસો કરી રહ્યું છે.

### ૧૨ના મોત

(પાના નં. ૧ થી આગળ)

કચડાઈ ગયા હોવાની આશંકા સેવાઈ રહી છે. બસમાં ફસાયેલા લાચાર મુસાફરોને હેમખેમ બહાર કાઢવા માટે રેસ્ક્યુ ટીમ દ્વારા ક્રેનની મદદ લેવામાં આવી રહી છે.


દુર્ઘટનાની ગંભીરતા જોતાં ગુઢ પોલીસ મથકનો કાફલો અને વહીવટી અધિકારીઓ ઘટનાસ્થળે મોરચો સંભાળી રહ્યા છે. સ્થાનિક ગ્રામજનોની મદદ લઈને ઈજાગ્રસ્તોને સતત બહાર કાઢી એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલ રવાના કરવામાં આવી રહ્યા છે. પોલીસ અને બચાવ દળના જવાનો ત્વરિત ગતિએ રાહત કામગીરી પાર પાડી રહ્યા છે.

### લોકદરબારમાં સ્થાનિકોનો

(પાના નં. ૧ થી આગળ)

લોકોએ રજૂઆત કરી હતી કે અતિશય દબાણોના કારણે સામાન્ય વાહનચાલકો અને રાહદારીઓનું નીકળવું પણ દુષ્કર બની ગયું છે. આ ઉપરાંત, મહાનગરપાલિકા દ્વારા ફાળવવામાં આવેલા પ્લોટમાં ચાલતા ખાણીપીણી બજારના કારણે આસપાસના રહીશોને ન્યુસન્સનો સામનો કરવો પડી રહ્યો હોવાની ઉગ્ર ફરિયાદો પણ બેઠકમાં કરવામાં આવી હતી.

# સેલિબ્રિટી રાહુલ કનનનું જામનગર એરપોર્ટ પર અનન્ય અંદાજમાં અનોખું આગમન



**સમય સંદેશઃ જામનગર**

મુંબઈના જાણીતા સેલિબ્રિટી અને અનંત અંબાણીના ખાસ મિત્ર તરીકે ઓળખાતા રાહુલ કનન જામનગર આવી પહોંચ્યા છે. જામનગર એરપોર્ટ પર તેમના આગમન સમયે તેઓ એક અલગ અને અનોખા અંદાજમાં જોવા મળ્યા હતા, જેને લઈને એરપોર્ટ પરિસરમાં ઉપસ્થિત લોકોમાં ખાસ આકર્ષણ જમ્યું હતું.

# જામનગરના સાધના કોલોની રોડ પરથી વિદેશી દારૂ અને રિક્ષા સાથે એલસીબીએ એક શખ્સને ઝડપ્યો



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના સાધના કોલોની રોડ પરથી દેવભૂમિ દ્વારકા એલસીબી/ જામનગર એલસીબી પોલીસે દરોડો પાડી વિદેશી દારૂના ૫૨૮ ચપલા અને એક ઓટો રિક્ષા કબજે કરી છે. પોલીસે રૂ. ૧.૩૭ લાખના કુલ મુદ્દામાલ સાથે સહદેવસિંહ જાડેજા નામના શખ્સને ઝડપી પાડી તેની સામે કાયદેસરની કાનૂની કાર્યવાહી હાથ ધરી છે,

# પવિત્ર યાત્રાધામ દ્વારકામાં કૃષ્ણભકતોના આગમનને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર-પોલીસ તંત્ર એકશન મોડમાં

## કીર્તિસ્તંભથી છપ્પન સીડી સુધી બેરિકેડીંગઃ લાખો ભાવિકોના ધસારાને પહોંચી વળવા સ્વર્ગદ્વારથી એન્ટ્રી અને મોક્ષદ્વારથી એકિઝટ : ડ્રોન, બોમ્બ સ્કવોડ અને સાદા કપડામાં સુરક્ષા જવાનોથી બાજ નજરઃ શુક્રવારે રાત્રે હાથી ગેઈટ ગ્રાઉન્ડ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમનું ભવ્ય આયોજન





**સમય સંદેશઃ દ્વારકા**

યાત્રાધામ દ્વારકામાં શ્રીકૃષ્ણ જન્માષ્ટમીના મહાપર્વને અનુલક્ષીને લાખો ભકતોના આગમનને ધ્યાનમાં રાખીને વહીવટી અને પોલીસ તંત્ર એક્શન મોડમાં આવી ગયું છે. કીર્તિ સ્તંભથી છપ્પન સીડી સુધી ચુસ્ત બેરિકેડિંગ ગોઠવીને દર્શનાર્થીઓ માટે અલગ રૂટ નક્કી કરાયા છે. જન્માષ્ટમી દરમિયાન ભકતો સ્વર્ગદ્વાર પાસેથી જગતમંદિરમાં પ્રવેશ કરશે અને દર્શન બાદ મોક્ષદ્વાર તરફથી બહાર નીકળશે. આ ઉપરાંત, દર્શનાર્થીઓની સુવિધા માટે કીર્તિસ્તંભ વિસ્તારમાં વિશાળ જુતા-ઘરની વ્યવસ્થા પણ ઉભી કરવામાં આવી છે.

કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે દ્વારકા તેમજ બેટ દ્વારકા ખાતે કુલ ૨૦૦૦ જેટલા પોલીસ જવાનોનો કડક બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. જિલ્લા પોલીસ વડા જયરાજસિંહ વાળાની સીધી દેખરેખ હેઠળ ૩ એએસપી, ૨ ડીવાયએસપી, ૩૪ પીઆઈ અને ૭૬ પીએસઆઈ સહિત 'સી' ટીમ અને હોમગાર્ડના જવાનો તૈનાત રહેશે. ભીડભાડવાળા અને સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસ દ્વારા સતત પેટ્રોલિંગ કરવામાં આવશે જેથી કોઈપણ અનિચ્છનીય બનાવ ન બને અને પરિસ્થિતિ પર ત્વરિત કાબૂ મેળવી શકાય.

સુરક્ષા વ્યવસ્થાને વધુ આધુનિક અને સઘન બનાવવા માટે આ વખતે વિશેષ આયોજન કરાયું છે. જગતમંદિર પરિસરમાં શંકાસ્પદ ગતિવિધિઓ પર નજર રાખવા માટે સાદા કપડામાં મહિલા અને પુરુષ પોલીસ જવાનોને તૈનાત કરવામાં આવશે. આ સાથે જ મંદિર પરિસર અને આસપાસના વિસ્તારોમાં ડ્રોન કેમેરાથી સતત હવાઈ નિરીક્ષણ કરવામાં આવશે તથા બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ સહિતની તમામ સુરક્ષા એજન્સીઓને સ્ટેન્ડબાય અને એલર્ટ મોડ પર રાખવામાં આવી છે.

આગામી શુક્રવાર તા. ૪ ના રોજ ભગવાન દ્વારકાધીશની પાવન ભૂમિ દ્વારકા ખાતે જન્માષ્ટમી મહોત્સવની ખૂબ જ ઉમંગભેર ઉજવણી કરવામાં આવનાર છે. દર વર્ષે જન્માષ્ટમીના પાવન પર્વે લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવે છે. ત્યારે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા શ્રદ્ધાળુઓને કોઈપણ પ્રકારની અગવડ ન પડે તે માટે જરૂરી આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

આ અંગે વિગતો આપતા જિલ્લા કલેકટર રાજેશ તન્નાએ જણાવ્યું કે, ભગવાન દ્વારકાધીશના જન્મોત્સવ એટલે જન્માષ્ટમી નિમિતે લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શનાર્થે પધારતા હોય છે ત્યારે વહીવટી તંત્ર શ્રદ્ધાળુઓને આવકારવા સંપૂર્ણ સજ્જ છે. જન્માષ્ટમી પર્વે પધારતા શ્રદ્ધાળુઓ માટે વહી અતિ તંત્ર દ્વારા પીવાના પાણી, ટ્રાફિક વ્યવસ્થા, પાર્કિંગ વ્યવસ્થા, જરૂરી બેરીકેટિંગ સહિત તમામ આનુષંગિક વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે.

ઉપરાંત, જન્માષ્ટમી પાવન પર્વે અનુલક્ષીને જન્માષ્ટમી પૂર્વે જ દ્વારકાધીશ મંદિર સહિત અનેક સ્થળો રોશનીથી સુશોભિત કરવામાં આવે છે તેમજ સઘન સફાઈ ઝુંબેશ પણ હાથ ધરવામાં આવ્યું છે. જિલ્લા પોલીસ તંત્ર દ્વારા તહેવારના સમય દરમ્યાન કાયદો અને વ્યવસ્થા સ્થિતિ જળવાઈ તે માટે જરૂરી બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. શ્રદ્ધાળુઓ જન્માષ્ટમી દિવસે

અનુ પાના નં.૨ પર

## દ્વારકા ખાતે જન્માષ્ટમી દરમ્યાન નો-પાર્કિંગ ઝોન તથા પાર્કિંગ વિસ્તાર અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ

**સમય સંદેશઃ દ્વારકા**

આગામી પવિત્ર જન્માષ્ટમી તહેવાર દરમિયાન દ્વારકામાં ભક્તોની ભારે ભીડને ધ્યાનમાં રાખીને સુચારુ ટ્રાફિક વ્યવસ્થા જાળવવા માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા ખાસ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જે અંતર્ગત શહેરના મુખ્ય ચોક અને મંદિરની આસપાસના વિસ્તારોને 'નો પાર્કિંગ ઝોન' જાહેર કરવામાં આવ્યા છે. કીર્તિસ્તંભ, સુદામા ચોક, ભથાણ ચોક અને ભદ્રકાલી ચોકની ૨૦૦ મીટર ત્રિજ્યા સહિતના અનેક વિસ્તારોમાં વાહન પાર્ક કરવા પર કડક મનાઈ ફરમાવવામાં આવી છે. આ સાથે જ યાત્રાળુઓના વાહનો માટે હાથી ગેટ પાર્કિંગ, સર્કિટ હાઉસ પાછળનું મેદાન, શારદાપીઠ કોલેજ ગ્રાઉન્ડ અને રાવળા તળાવ સહિતના સ્થળોએ ફોર-વ્હીલર, થ્રી-વ્હીલર અને ભારે વાહનો માટે અલગથી પાર્કિંગ ઝોન નિયત કરવામાં આવ્યા છે.

શહેરમાં શાંતિ અને કાયદો-વ્યવસ્થા જાળવવાના ભાગરૂપે તા. ૬ સપ્ટેમ્બરના રોજ રાત્રિના ૧૦ વાગ્યા સુધી જગતમંદિર તરફ જતા તમામ મુખ્ય રસ્તાઓ પર દરેક પ્રકારના ખાનગી વાહનોના પ્રવેશ પર સંપૂર્ણ પ્રતિબંધ મુકાયો છે. હાથી ગેટથી કીર્તિસ્તંભ, કાનદાસ બાપુ આશ્રમથી ભથાણ ચોક, મહાજન બજારથી બ્રહ્મકુંડ અને જોધાભા માણેક ચોકથી પૂર્વ દરવાજા તરફ જતા માર્ગો પર તમામ વાહનો માટે 'નો એન્ટ્રી' રહેશે. આ ઉપરાંત, ઇસ્કોન ગેટ, પોસ્ટ ઓફિસ ચાર રસ્તા અને હોસ્પિટલ ચાર રસ્તા તરફથી ભદ્રકાલી ચોક તરફ જતા રસ્તે બસ તથા અન્ય ભારે વાહનોના પ્રવેશ પર રોક લગાવવામાં આવી છે. જોકે, સરકારી કામગીરી અને પાસ ધરાવતા વાહનોને આમાંથી મુક્તિ આપવામાં આવી છે.

યાત્રાધામ બેટ દ્વારકાને જોડતા નવનિર્મિત સુદર્શન સેતુ પર પણ સુરક્ષાના ભાગરૂપે ઓખા તરફથી બેટ દ્વારકા સુધી ભારે વાહનો, ટ્રકો અને ખાનગી બસોના પ્રવેશ પર તા. ૭ના રોજ રાત્રિના ૮ વાગ્યા સુધી પ્રતિબંધ ફરમાવાયો છે. આ સાથે જ દર્શાનાર્થીઓની અવરજવર સરળ રહે તે માટે તા. ૬ સપ્ટેમ્બર સુધી જોધાભા ચોક, ભથાણ ચોક અને નીલકંઠ ચોકથી પૂર્વ દરવાજા તરફના રસ્તાઓને 'વન-વે' જાહેર કરાયા છે, જ્યાંથી માત્ર એક્ઝિટ જ મળી શકશે. તંત્ર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે જાહેરનામાના નિયમોનો ભંગ કરનાર સામે કાયદેસરની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

## એક એવા પર્યાવરણ પ્રેમી દાદા જે વૃક્ષને દિકરાની જેમ ઉછેરે છે..!!

**સમય સંદેશઃ જામનગર**


તસવીરઃ હિરેન ગાંધી

આજના આધુનિક યુગમાં વિકાસની આંધળી દોડ વચ્ચે પર્યાવરણનું નિકંદન અને ગ્લોબલ વોર્મિંગ સૌથી મોટી ગંભીર સમસ્યા બની ગઈ છે. પ્રકૃતિનો વિનાશ થતો અટકાવવા અને પર્યાવરણનું જતન કરવા માટે અનેક લોકો તથા સંસ્થાઓ આગળ આવી રહી છે. ત્યારે જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના સમાણા ગામમાં રહેતા ૭૦ વર્ષીય મનસુખભાઈ નામના વૃદ્ધે પર્યાવરણની રક્ષા કાજે એક અનોખી મિસાલ કાયમ કરી છે. ઉંમરના આ પડાવે જ્યાં લોકો આરામ કરવાનું પસંદ કરતા હોય છે, ત્યાં મનસુખભાઈએ વૃક્ષો વાવી તેમનું ઉછેર કરવાનું પોતાનો નિત્યક્રમ બનાવી લીધો છે.

મનસુખભાઈએ અત્યાર સુધીમાં સમાણા ગામમાં ૩૦૦થી ૪૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર કરીને તેમનું પોતાના સંતાનની જેમ જતન કર્યું છે. તેમના આ ભગીરથ પ્રયાસોના કારણે આજે સમાણા ગામમાં પ્રવેશતા જ ચો તરફ લીલાછમ વૃક્ષો નજરે પડે છે. તેમણે ગામની પ્રાથમિક શાળા, સ્મશાન ગૃહ, સ્થાનિક મંદિરો અને જાહેર રસ્તાઓની બંને બાજુએ મોટા પ્રમાણમાં વૃક્ષો વાવ્યા છે. માત્ર વૃક્ષો વાવવા પૂરતું જ નહીં, પણ તે વૃક્ષો પૂર્ણ રીતે ખીલી ઉઠે ત્યાં સુધી તેઓ દરરોજ તેમની સંભાળ પણ રાખે છે. પોતાના આ કાર્ય અંગે વાત કરતા મનસુખભાઈ જણાવે છે કે તેમને પીપળનું વૃક્ષ વાવવાનું સૌથી વધુ પસંદ છે. પીપળની ડાળખી ઝડપથી ઉગી નીકળે છે અને માત્ર ૫ વર્ષમાં જ તે ઘટાદાર વૃક્ષ બનીને પર્યાવરણને મહત્તમ ફાયદો પહોંચાડે છે. ૭૦ વર્ષની ઉંમરે પર્યાવરણ રક્ષણની આ અદભુત કામગીરી બદલ અનેક સામાજિક સંસ્થાઓ દ્વારા વાર-તહેવારે મનસુખભાઈનું વિશેષ સન્માન પણ કરવામાં આવ્યું છે. તેમની આ નિષ્ઠા આજે સમગ્ર વિસ્તાર માટે પ્રેરણાસ્રોત બની રહી છે.

## પેન્શનર્સ એસોશિએશન દ્વારા પડતર માંગણીઓના મુદ્દે સરકાર સામે દેખાવ

**સમય સંદેશઃ જામનગર**



તસવીરઃ હિરેન ગાંધી

કેન્દ્ર અને રાજ્ય સરકારની કામદાર તથા પેન્શનર વિરોધી નીતિઓના વિરોધમાં ફોરમ ઓફ સિવિલ પેન્શનર્સ એસોસીએશન (FCPA) ગુજરાત અને નેશનલ કોર્ડીનેશન ઓફ પેન્શનર્સ એસોસીએશનના આહવાન પર ગુજરાતભરમાં દેખાવો યોજાયા હતા. અમદાવાદ ખાતે આશ્રમ રોડ પર આવેલી ઇનકમટેક્સ ઓફિસ બહાર ગાંધીજીની પ્રતિમા પાસે મોટી સંખ્યામાં સિનિયર સિટીઝનો અને પેન્શનરોએ એકઠા થઈને આક્રોશ વ્યક્ત કર્યો હતો. પેન્શનરોના પડતર પ્રશ્નો ઉકેલવામાં સરકારની નિરસતા સામે રોડ પર ઉતરીને સંઘર્ષ કરવાની ફરજ પડી હોવાનું આગેવાનોએ જણાવ્યું હતું. આ વિરોધ પ્રદર્શન દરમિયાન સ્થાનિક વડા મારફતે દેશના પ્રધાનમંત્રીને ૧૧ મુખ્ય માંગણીઓ ધરાવતું સંયુક્ત આવેદનપત્ર પણ રવાના કરવામાં આવ્યું હતું.

આ દેખાવોને ગુજરાત પેન્શનર્સ સમાજ અને ઓલ ઇન્ડિયા સ્ટેટ ફેડરેશન સહિત વિવિધ એસોસિએશનોએ પૂર્ણ ટેકો જાહેર કરીને આંદોલનમાં સક્રિય ભાગ લીધો હતો. અમદાવાદના પ્રદર્શનમાં ગુજરાત પેન્શનર્સ સમાજના પ્રમુખ ભરતભાઈ પટેલ, મંત્રી જે. જે. દરજી, રાજકોટ સેન્ટ્રલ ગવર્મેન્ટ પેન્શનર્સના પ્રમુખ કિશોરસિંહ જાડેજા સહિત યુ. કે. નાયર, પી. પી. ગામી, એસ. પી. પટેલ અને બી. એન. પટેલ જેવા અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર ગુજરાતના જિલ્લા અને તાલુકા મથકોએ પણ આવી જ રીતે એકજૂથ થઈને પેન્શનરો દ્વારા વિરોધ કાર્યક્રમો યોજીને સરકારનું ધ્યાન દોરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

AIBDPA ગુજરાતના સર્કલ સેક્રેટરી અને FCPAના સંયોજક મનુભાઈ ચનિયારાએ આગામી સંગઠનાત્મક કાર્યક્રમો અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે આ લડતને વધુ તીવ્ર બનાવવામાં આવશે. જે અંતર્ગત આગામી ૧૭, ૧૮ અને ૧૯ સપ્ટેમ્બરના રોજ સવારે ૧૦.૩૦ થી ૧૨.૩૦ દરમિયાન અમદાવાદમાં ભદ્ર ટેક્સી સ્ટેન્ડ પાસે આવેલ સરદાર બાગ ખાતે ત્રણ દિવસના રાજ્યકક્ષાના ધરણા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

## જામનગરમાં વૃદ્ધની હત્યાના આરોપી માતા-પુત્ર જેલ હવાલે

**સમય સંદેશઃ જામનગર**

જામનગર તા.૨ જામનગર શહેરના સેતાવાડ વિસ્તારમાં આવેલી ગીગા મેતાની શેરી નજીક બનેલી કરુણ ઘટનામાં વૃદ્ધની હત્યાના ગુનામાં પોલીસે આરોપી પુત્ર અને તેની માતાની ધરપકડ કરી છે. મૃતક ઈબ્રાહીમભાઈ ચાકી જામનગરના ચાકી સમાજના પ્રમુખ હતા.

શનિવારે સાંજે તેઓ પોતાના ઘર પાસે ઉપસ્થિત હતા,ત્યારે શેરીમાં રમતા નાના બાળકો પર હવાબેન અસલમભાઈ ઘાંચી મરચાની ભૂકી ઉડાડી રહ્યા હતા. ઈબ્રાહીમભાઈએ મહિલાને આવું ન કરવા બાબતે શાંતિથી સમજાવવાનો પ્રયાસ કરતા જ હવાબેને તેમની સાથે ઉગ્ર ઝઘડો શરૂ કર્યો હતો.

આ દરમિયાન મહિલાનો પુત્ર અમન ત્યાં દોડી આવ્યો હતો. માતા હવાબેને ઈબ્રાહીમભાઈને પતાવી દે તેમ વડે ઈબ્રાહીમભાઈના માથામાં કહેતા ઉશ્કેરાયેલા અમને ધોકા કાન ફાડી નાખે તેવો જોરદાર ઘા માર્યો હતો. ગંભીર રીતે ઘવાયેલા વૃદ્ધ ઢળી પડતા તેમને તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં તેમનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ મામલે મૃતકના પુત્ર સાદીક ચાકીએ ફરિયાદ નોંધાવતા પોલીસે ત્વરિત પ કાર્યવાહી કરી હુમલાખોર અમન અને તેની માતા હવાબેન ઘાંચીની ધરપકડ કરવામાં આવી છે. આરોપીઓના કબજામાંથી હત્યામાં ઉપયોગ કરાયેલ ધોકો તેમજ કપડા સહિતનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. કોર્ટમાં રજુકરતા બન્ને માતા-પુત્રને જેલ હવાલે કરવાનો હુકમ કરવામાં આવ્યો છે.

## ગોંડલ ખાતે ઔદિચ્ય સહસ્ત્ર ચિભડીયા બ્રહ્મ સમાજનો જ્ઞાતિ મિલન અને સરસ્વતી સન્માન સમારોહ યોજાયો



**સમય સંદેશઃ ગોંડલ**
**(તુષાર વ્યાસ દ્વારા)**

ગોંડલ ખાતે ઔદિચ્ય સહસ્ત્ર ચિભડીયા બ્રહ્મ સમાજના પ્રમુખશ્રી હિતેશભાઈ રાવલ તથા તેમની સમગ્ર ટીમ દ્વારા જ્ઞાતિ મિલન અને સરસ્વતી સન્માન સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રથમ ધોરણથી લઈને કોલેજ કક્ષા સુધીના તેજસ્વી વિદ્યાર્થીઓ તેમજ વિવિધ ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર બાળકોને ઉપયોગી વસ્તુઓ ઇનામ સ્વરૂપે આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ મંગલ પ્રસંગે લોકલાડીલા યુવા અગ્રણી અને ધારાસભ્યશ્રીના પ્રતિનિધિ શ્રી ગણેશભાઈ જાડેજા, ગોંડલ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ તથા નાગરિક બેંકના ડિરેક્ટર શ્રી અશોકભાઈ પીપળીયા, નાગરિક બેંકના વાઇસ ચેરમેનના પ્રતિનિધિ અને પૂર્વ શહેર ભાજપ પ્રમુખ શ્રી પિન્ટુભાઇ ચુડાસમા, સદદર્શન આશ્રમના પૂજ્ય માતાજી, યુથ કલબના સામાજિક કાર્યકર શ્રી હિતેશભાઈ દવે, રાજકોટ રૂલર જિલ્લા ટ્રાફિક ડ્ર્જાઇ શ્રી હર્ષદભાઈ જાની, બ્રહ્મદેવ સમાજના રાષ્ટ્રીય સચિવ શ્રી મિલનભાઈ શુક્લ તેમજ દાળેશ્વર સેવા સમિતિના શ્રી પ્રફુલભાઈ જોશી અને શ્રી કિશોરભાઈ ભટ્ટ સહિતના અગ્રણીઓએ ખાસ હાજરી આપી કાર્યક્રમની શોભા વધારી હતી.

## પક્ષકારોને સમય અને નાણાંની બચત સાથે ઝડપી ન્યાય મેળવવાની ઉત્તમ તક

### જામનગર જિલ્લાની તમામ અદાલતોમાં આગામી ૧૨ સપ્ટેમ્બરના રોજ યોજાશે 'નેશનલ લોક અદાલત'

**સમય સંદેશઃ જામનગર**

ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના આદેશ અને નાલ્સા (NALSA) ના એક્શન પ્લાન મુજબ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જામનગર દ્વારા આગામી તા. ૧૨-૦૯-૨૦૨૬ ના રોજ જામનગર જિલ્લાની તમામ કોર્ટોમાં 'નેશનલ લોક અદાલત'નું આયોજન કરવામાં આવ્યું છે. આ લોક અદાલતમાર્ફ પક્ષકારો પોતાના વિવિધ પ્રકારના પેન્ડિંગ કેસો જેવા કે ફોજદારી સમાધાનપાત્ર કેસો, ચેક રિટર્ન, બેંક રિકવરી, મોટર અકસ્માત વળતર (MACP), લેબર, લગ્ન વિષયક તકરાર તેમજ વીજળી અને પાણીના બિલોને લગતા પ્રશ્નોનો પરસ્પર સહમતીથી કાયમી નિકાલ લાવી શકશે. આ ઉપરાંત કૌટુંબિક તકરાર, જમીન સંપાદન, સર્વિસ મેટર, રેવન્યુ અને અન્ય સિવિલ કેસો પણ સમાધાન અર્થે રજૂ કરી શકાશે.

લોક અદાલતમાં આપસી સંમતિથી કેસનો ઉકેલ આવતો હોવાથી બંને પક્ષોની જીત થાય છે અને મનદુઃખ અટકે છે. સાથે જ કોર્ટ-કચેરીના લાંબા ધક્કામાંથી મુક્તિ મળતાં સમય અને આર્થિક બચત સાથે ઝડપી ન્યાય મળે છે. જામનગર જિલ્લાના પક્ષકારોને પોતાના વકીલશ્રી મારફતે સંબંધિત કોર્ટનો સંપર્ક કરી કેસ લોક અદાલતમાં મુકાવવા અપીલ કરાઈ છે. લોક અદાલત અંગે વધુ માહિતી કે માર્ગદર્શન માટે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ફોન નંબર ૦૨૮૮-૨૫૫૦૧૦૬ પર અથવા સંબંધિત તાલુકા/જિલ્લા કાનૂની મંડળનો સંપર્ક કરવા સચિવશ્રી અને એડિશનલ સીનિયર સિવિલ જજ, જામનગર દ્વારા જણાવાયું છે.

## ધ્રોલમાં ભુચરમોરી મહાયુધ્ધ વિરાંજલિ કાર્યક્રમ

**સમય સંદેશઃ ધ્રોલ**

જામનગર ખાતે રાજપુત ઉત્કર્ષ સંઘ-૪૫ દિગ્વીજય પ્લોટ જામનગર તરફ.થી ભુચરમોરી મહાયુધ્ધના ૪૩૫માં બલિદાન દિવસની સ્મૃત્તિમાં આ મહાયુધ્ધમાં વિરગતી પામેલા શુરવીરોને તેમના પરાક્રમો અને તેમની વિરગતી માટે વિરાંજલિ અર્પિત કરવાનો કાર્યક્રમ યોજાશે. આજ શ્રાવણ વદ સાતમ ગુરૂવાર તા.૩-૯-૨૦૨૬ ના રોજ રાત્રે ૯ વાગ્યે આ કાર્યક્રમ રાજપુતભવન ખાતે યોજાશે. તેમ રાજપુત ઉત્કર્ષ સંઘના ભૂ.પૂ.વહીવટદાર ભૂપતસિંહ ચૌહાણની યાદીમાં જણાવેલ છે.



## વિનુ માંકડને નાગર જ્ઞાતિ દ્વારા આપવામાં આવી ભાવાંજલિ

**સમય સંદેશઃ જામનગર**

દેશ-વિદેશમાં ભારતનું નામ રોશન કરનાર જામનગરના પનોતા પુત્ર અને વડનગરા નાગર જ્ઞાતિના ગૌરવ સમાન સુવિખ્યાત આંતરરાષ્ટ્રીય ક્રિકેટર વિનુ માંકડને જામનગર વડનગરા નાગર જ્ઞાતિ દ્વારા ગઇકાલે ક્રિકેટ બંગલા પાસે આવેલ વિનુ માંકડની પ્રતિમા પાસે એકઠા થઇ ભાવાંજલિ અર્પણ કરવામાં આવી હતી.


તસવીરઃ હિરેન ગાંધી





જામનગર એરપોર્ટ ખાતે આતંકવાદી હુમલા સામે સુરક્ષા દળો અને સ્થાનિક વહીવટી તંત્રની સજ્જતા ચકાસવા માટે એક હાઈ-લેવલ 'મોકડ્રીલ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ડમી ઓપરેશનમાં ૪ આતંકવાદીઓએ એરપોર્ટ પર હુમલો કરી નાગરિકોને બાન પકડ્યા હતા અને પોતાની માંગણીઓ મૂકી હતી, પરંતુ કલેક્ટર અને એસ.પી.ના માર્ગદર્શન હેઠળ ચેતક કમાન્ડો, સ્થાનિક પોલીસ, ડોગ સ્ક્વોડ અને ફાયર-આરોગ્ય સહિતની તમામ એજન્સીઓએ ત્વરિત સંકલન સાધીને બુલેટ પ્રૂફ વાહનો સાથે ઘેરાબંધી કરી હતી. પરિણામે, ડોગ સ્ક્વોડે આતંકીઓની કારમાંથી વિસ્ફોટકો શોધી મોટી દુર્ઘટના ટાળી હતી અને કમાન્ડોએ વ્યૂહાત્મક કામગીરીથી ચારેય આતંકીઓને ઠાર કરી તમામ બંધકોને સહી-સલામત મુક્ત કરાવી તંત્રની પૂર્ણ સજ્જતા સાબિત કરી હતી,સુરક્ષા કારણોસર આ જરૂરી ઑપરેશન છે.

# આતંકી હુમલા સામે સ્થાનિક તંત્રની સજ્જતા વધુ સુદૃઢ કરવા જામનગર એરપોર્ટ ખાતે હાઈ-લેવલ 'મોકડ્રીલ'નું આયોજન

## ચેતક કમાન્ડો અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સંયુક્ત ઓપરેશન હાથ ધરાયુઃ ચેતક કમાન્ડો દ્વારા એરપોર્ટ ખાતે ૪ આતંકવાદીઓનો ખાતમો કરી તમામ બંધકોને સુરક્ષિત રીતે બચાવી લેવાયા

### નાકામ આતંકી ષડયંત્ર અને સફળ કમાન્ડો ઓપરેશન

આતંકવાદીઓએ બંધકોને સહી સલામત મુક્ત કરવાના બદલે પોતાના દેશ જવા માટે પ્લેનની સુવિધા, જેલમાં બંધ તેમના ત્રણ સાથીઓને મુક્ત કરવાની અને રોકડ રકમની માંગણી મૂકી હતી. જોકે, ઝાંબાઝ અને હિંમતવાન ચેતક કમાન્ડો તેમજ સ્થાનિક પોલીસ તંત્ર અને તંત્રના સંયુક્ત તથા કુશળ વ્યુહાત્મક ઓપરેશનના પરિણામે આ તમામ આતંકવાદીઓને સ્થળ પર જ ઠાર કરવામાં સફળતા મળી હતી.

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના અતિ સંવેદનશીલ એવા જામનગર એરપોર્ટ ખાતે આતંકવાદ વિરોધી 'મોકડ્રીલ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિશેષ કવાયત દ્વારા સુરક્ષા એજન્સીઓ અને સ્થાનિક વહીવટી તંત્રએ સંભવિત કટોકટી સામે પોતાની સજ્જતા અને ત્વરિત પ્રતિસાદનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું.

આ ઓપરેશનમાં જામનગર એરપોર્ટ પરિસરમાં ૪ આતંકવાદીઓ દ્વારા હુમલો કરી નાગરિકોને બાન પકડવાની સ્થિતિનો ડમી સિનારીયો ઊભો કરવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતાં જ ચેતક કમાન્ડો, પોલીસ તંત્ર અને ક્વિક રિસ્પોન્સ ટીમ દ્વારા સમગ્ર એરપોર્ટ વિસ્તારને કોર્ડન કરી લેવામાં આવ્યો હતો. જાનમાલને કોઈ જ નુકશાન ન થાય તે માટે તંત્ર દ્વારા તાત્કાલિક બુલેટ પ્રુફ વાહનો, ફાયર ફાઇટર અને એમ્બ્યુલન્સ સહિતના અદ્યતન સાધનો તૈનાત કરી દેવામાં આવ્યા હતા. તંત્ર દ્વારા આતંકી ઘટના અંગેનો મેસેજ મળતાની સાથે જ ગણતરીની મિનિટોમાં તમામ સંબંધિત વિભાગોના કાફલાઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.

### આતંકવાદીઓની કારમાંથી વિસ્ફોટક સામગ્રી ઝડપી

એરપોર્ટ પરિસરમાં કારમાં આવી પહોંચેલા આતંકવાદીઓએ બોમ્બ ધડાકાનો મારો ચલાવ્યો હતો. આતંકીઓ જે વાહનમાં આવ્યા હતા તેમાં બોમ્બ બનાવવાની મોટી માત્રામાં સામગ્રી પણ છુપાવેલી હતી. જોકે, ઘટનાસ્થળે તૈનાત ડોગ સ્ક્વોડની તીક્ષ્ણ સતર્કતા અને સઘન ચેકિંગના પરિણામે સમયસર તે કારમાંથી વિસ્ફોટક સામગ્રી ઝડપાઈ ગઈ હતી, જેનાથી એક મોટી દુર્ઘટના અટકી શકી.

વ્યૂહાત્મક રીતે હાથ ધરવામાં આવેલા આ ઓપરેશન દરમિયાન સુરક્ષા દળો તથા કમાન્ડો દ્વારા અત્યંત કુશળતાપૂર્વક આતંકી કાવતરું

અનુ પાના નં.૨ પર

# દ્વારકાના રિસોર્ટમાં રૂમ રાખી જુગાર રમવા આવેલા ગાંધીનગરના છ શખ્સો ઝડપાયા

## ૧.૧૦ લાખનો મુદ્દામાલ કબ્જેઃ એલસીબીએ લોબીમાં દરોડો પાડ્યો





**સમય સંદેશઃ દ્વારકા**

દ્વારકામાં આવેલા એક રિસોર્ટની લોબીમાં બેસીને ગંજીપત્તા વડે જુગાર રમતા ગાંધીનગરના છ શખ્સોને એલસીબી પોલીસે દબોચી લીધા હતા. આ અંગે પોલીસ પુત્રો દ્વારા જાહેર કરવામાં આવેલી વિગત મુજબ ગાંધીનગરના રહીશ નિર્ભય મુકેશભાઈ અપાણી નામના શખ્સએ ગાંધીનગરથી દ્વારકા આવી અને દ્વારકા બરડીયા માર્ગ પર આવેલા એક રિસોર્ટમાં રૂમ રાખ્યા હતા.

આ વચ્ચે એલસીબી સ્ટાફના નાઈટ પેટ્રોલીંગ દરમિયાન આ શખ્સો રિસોર્ટના ત્રીજા માળે બેસીને ગંજીપત્તા વડે જુગાર રમી રહ્યા હોવાની બાતમી એલસીબીના હેડ કોન્સ્ટેબલ પીઠાભાઈ ગોજીયા અને ખીમાણંદભાઈ આંબલીયાને મળતા એલસીબીની ટીમે જુગારના અખાડા પર દરોડાની કાર્યવાહી કરી હતી. આ સ્થળેથી પોલીસે નિર્ભય મુકેશભાઈ સાથે ગાંધીનગર

અનુ પાના નં.૨ પર

# જૂની આંખે નવો તમાશો ! જામનગરમાં રાંધણછઠ્ઠમાં ઘરે બનતા ફરસાણ-મીઠાઈ હવે ઉભી બજાર વેંચાય છે..!!







**સમય સંદેશઃ જામનગર**

એક જમાનો હતો જ્યારે રાંધણછઠ્ઠના દિવસે ઘરે-ઘરે તાવડા મંડાઈ જતા અને લાડુ, મોહનથાળ, શક્કરપારા તેમજ સેવ-ગાંઠિયા જેવા પકવાનો ઘરે જ તૈયાર કરવામાં આવતા હતા. જોકે, બદલાતા સમય સાથે અને રેડીમેડ યુગની શરૂઆત થતાં આ જૂની પરંપરા હવે આંશિક રીતે લુપ્ત થવાના આરે પહોંચી છે. સંયુક્ત કુટુંબોમાંથી વિભક્ત નાના પરિવારો થવાને કારણે હવે ઘરે વાનગીઓ બનાવવાનો ઉત્સાહ ઘટ્યો છે અને લોકો મોટા ભાગે બજારમાંથી જ મીઠાઈ તથા ફરસાણ ખરીદવાનું વધુ પસંદ કરી રહ્યા છે.

ચાલુ વર્ષે મોંઘવારીનો માર વેપાર પર સ્પષ્ટપણે જોવા મળી રહ્યો છે. ખાંડનો ભાવ રૂ. ૭૦ પ્રતિ કિલો સુધી પહોંચી જતાં અને અન્ય કાચા માલના ભાવ વધતાં મીઠાઈઓના ભાવમાં પણ ૨૦ ટકા જેટલો વધારો કરવો પડ્યો છે. હાલ બજારમાં વેજિટેબલ ઘીમાં બનેલા લીસા લાડવા રૂ. ૨૮૦ પ્રતિ કિલો અને શુદ્ધ ઘીના લાડુ રૂ. ૫૪૦ પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહ્યા છે. ભાવવધારા અને આર્થિક ખેંચતાણને કારણે તહેવારના દિવસો હોવા છતાં આ વખતે વેપારીઓને ત્યાં અપેક્ષા કરતાં ૨૦ ટકા જેટલી ઘરાકી ઓછી જોવા મળી રહી છે.

ઘરે પકવાન બનાવવાની પ્રથા મંદ પડી હોવા છતાં પરંપરાગત મીઠાઈ અને ફરસાણની લોકપ્રિયતા આજે પણ જરાય ઓછી થઈ નથી. રાંધણછઠ્ઠ નિમિત્તે ફરસાણમાં ચણાના મઠિયા અને ફાફડા લોકોની પહેલી પસંદ બની રહ્યા છે. આ ઉપરાંત ઝીણી સેવ, બુંદી, તીખા ગાંઠિયા, ભાવનગરી ગાંઠિયા તેમજ મીઠાઈમાં મોહનથાળ, બુંદીના લાડુ અને લીસા લાડુનું ધૂમ વેચાણ થઈ રહ્યું છે. વેપારીઓના જણાવ્યા મુજબ ભલે ખરીદીનું પ્રમાણ થોડું ઘટ્યું હોય, પરંતુ પરંપરાગત વાનગીઓનો ક્રેઝ આજે પણ અકબંધ છે.

# જામનગર પંથકમાં આઠ સ્થળે જુગારના દરોડામાં ચાર મહિલા સહિત ૪૩ ઝડપાયા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેર અને જિલ્લામાં શ્રાવણી જુગારની મોસમ પૂરબહારમાં ખીલી છે ત્યારે પોલીસે અલગ-અલગ આઠ સ્થળોએ દરોડા પાડીને જુગાર રમતા ૪૩ આરોપીઓની અટકાયત કરી છે. જેમાં ૪ મહિલાઓનો પણ સમાવેશ થાય છે. દરોડા દરમિયાન બે શખ્સો પોલીસને જોઈને નાસી છૂટતા તેમને ફરાર જાહેર કરવામાં આવ્યા છે. પોલીસે તમામ સ્થળોએથી કુલ મળીને રૂ. ૧.૧૮ લાખથી વધુની રોકડ રકમ તેમજ મોબાઈલ ફોન સહિતનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાનૂની કાર્યવાહી હાથ ધરી છે.

મેઘપર પોલીસે મોટી ખાવડી ગામની સીમમાંથી જાહેરમાં જુગાર રમતા દેવાણંદ સંધીયા, સિકંદર બુખારી, અજીતસિંહ પરમાર અને જયેશ જોષીને રૂ. ૧૦,૭૮૦ની રોકડ સાથે પકડી પાડ્યા હતા. જામજોધપુર પોલીસે પાળેશ્વરનેશ વિસ્તારમાંથી અનિલ કટારા, મેસુર કટારા, પાર્થ કટારા અને દિલીપ સોલંકીને રૂ. ૧૦,૧૫૦ની રોકડ સાથે ઝડપ્યા હતા. ધ્રોલ પોલીસે લતીપર ગામેથી ફૈઝલ ખીરા, સિરાજ ખીરા અને રફીક ખફીને રૂ. ૧૬,૨૦૦ સાથે પકડ્યા હતા, જ્યારે દોસમામદ મથુપોત્રા નાસી છૂટ્યો હતો. આ સિવાય ધ્રોલ પોલીસે લતીપર ગામેથી અમિત પંડ્યા, ભરતકુમાર વ્યાસ, જયંતીલાલ મકવાણા, પ્રકાશ ડાંગર, મુકેશ જીલરીયા, તેજા ચભાડીયા અને ગંગારામ બારૈયાને પણ ઝડપી લીધા હતા.

સિટી એ ડિવિઝન પોલીસે દિગ્વિજય પ્લોટ-૪૯ કામળીયા વાસમાંથી વિનુભાઈ ચૌહાણ, રમેશ ચૌહાણ, રામજી ગોહીલ, વિકિ બુટીયા, કનૈયા સોલંકી, ધર્મેન્દ્ર વાઘેલા અને સંજય સોલંકીને રૂ. ૪,૮૪૦ની રોકડ સાથે દબોચી લીધા હતા. લાલપુર પોલીસે ચાર થાંભલા વિસ્તારમાંથી રાજુભાઈ પરમાર, દીપક રાઠોડ તથા સંગીતાબેન પરમાર, નીતાબેન મકવાણા, સોનલબેન પરમાર અને રેખાબેન પરમાર સહિત ચાર મહિલાઓ મળી કુલ છ જુગારીઓને રૂ. ૧૦,૧૨૦ની રોકડ સાથે પકડ્યા હતા.

પંચકોશી એ ડિવિઝન પોલીસે ખીમરાણા ગામ નજીકથી પરેશ પરમાર, જાદવજી ધારવીયા, મનસુખ કટેશીયા અને કિશોર માંડવીયાને રૂ. ૨૮,૯૫૦ની રોકડ અને રૂ. ૧૫,૦૦૦ના મોબાઈલ મળી રૂ. ૪૩,૯૫૦ના મુદ્દામાલ સાથે ઝડપ્યા હતા, જ્યારે વસંત નકુમ નાસી છૂટ્યો હતો. શેઠવડાળા પોલીસે સમાણા-ખટીયા રોડ પરથી સંજય મકવાણા, કુંજન ભાયાણી, મામૈયા સુમાયત, મુળુ સુમાયત, શામળા વીજાણી, સુખરાજ રવસી,

અનુ પાના નં.૨ પર

# જામનગર જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા માંગઃ 'આપ' દ્વારા કલેક્ટરને રજૂ કરાયું આવેદનપત્ર

## ખેડૂતો અને માલધારીઓની આર્થિક સ્થિતિ કફોડી બનતા દેવું માફી, મફત ઘાસચારો, વીજબીલ માફી અને સૌની યોજનાનું પાણી આપવા ઉગ્ર રજૂઆત







**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લામાં ચાલુ વર્ષે નહિવત અને અપૂરતા વરસાદના કારણે સર્જાયેલી ગંભીર દુષ્કાળ જેવી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આમ આદમી પાર્ટી (જામનગર જિલ્લો) દ્વારા કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. 'આપ'ના જિલ્લા પ્રમુખ અને જિલ્લા પંચાયતના પૂર્વ ઉપપ્રમુખ વશરામભાઈ એન. રાઠોડની આગેવાનીમાં કલેક્ટર કચેરી ખાતે રજૂઆત કરવામાં આવી હતી. આવેદનપત્રમાં જણાવ્યા મુજબ, વરસાદ ખેંચાવાના કારણે ખેતીના પાકો સંપૂર્ણપણે નિષ્ફળ ગયા છે અને પશુઓ માટે ઘાસચારા તેમજ પીવાના પાણીની વિકટ સમસ્યા ઉભી થઈ છે, જેનાથી સમગ્ર ગ્રામીણ અર્થતંત્ર પાયમાલ થવાના આરે પહોંચી ગયું છે.

ખેડૂતો અને માલધારીઓની અત્યંત દયનીય આર્થિક સ્થિતિને ધ્યાને રાખીને તંત્ર અને સરકાર સમક્ષ પાંચ મુખ્ય માંગણીઓ રજૂ કરવામાં આવી છે. જેમાં ખેડૂતોનું તમામ પ્રકારનું ખેતી વિષયક દેવું અને તેના પરનું વ્યાજ સંપૂર્ણપણે માફ કરવાની માંગ સાથે પશુપાલન જીવંત રાખવા માટે વિનામૂલ્યે જરૂરી ઘાસચારો પૂરો પાડવા અપીલ કરાઈ છે. આ ઉપરાંત, દુષ્કાળની સ્થિતિનો સામનો કરવા ખેડૂતો માટે વિશેષ અને તાત્કાલિક આર્થિક રાહત પેકેજની જાહેરાત કરવા તેમજ તમામ ખેતીવાડી જોડાણોના વીજબીલ પણ સંપૂર્ણપણે માફ કરવાની રજૂઆત કરાઈ છે. આવેદનપત્રમાં વધુમાં ભારપૂર્વક જણાવવામાં આવ્યું છે કે

અનુ પાના નં.૨ પર

# જામનગર બાયપાસ રોડ પર મોરકંડાના પાટીયા પાસે ટેન્કર અડફેટે ઊંટનો ભોગ





**સમય સંદેશઃ જામનગર**

લાલપુર બાયપાસ થી કાલાવડ બાયપાસ જતા માર્ગ પર મોરકંડાના પાટીયા પાસે અજ્ઞાત ટેન્કર ચાલકે ઊંટને જોરદાર ઠોકર મારતાં ઊંટનું ઘટના સ્થળે મોત થયું હતું. આ અકસ્માત પછી ટેન્કર ચાલક ઠોકર મારીને થયો ફરાર થઇ ગયો હતો.રાહદારીઓ દ્વારા રસ્તામાં રોડ સેફ્ટીગાર્ડ આડા મુકવામાં આવ્યા હતા જેથી રાત્રી દરમીયાન બીજા અકસ્માત થાય નહીં.

# જમીનની કિંમત વધતા પાંચ વીઘાની માંગણી કરી, ના પાડતાં કૌટુંબિક શખ્સોએ પરિવાર પર હુમલો કર્યો

## લોખંડના પાઈપ અને લાકડાના ધોકાથી માર માર્યાનો આક્ષેપઃ દ્વારકામાં ત્રણને ઈજા, બે સામે ગુનો નોંધાયો

**સમય સંદેશઃ દ્વારકા**

દ્વારકાના ભથાણ ચોક વિસ્તારમાં વડીલોપાર્જિત જમીનના ભાગબટાવા બાદ વર્ષો પછી જમીનના ભાવમાં થયેલા વધારાને કારણે કૌટુંબિક વિવાદ હિંસક બન્યો છે. ભથાણ ચોક વિસ્તારમાં રહેતા અને ખેતીકામ કરતા ૪૮ વર્ષીય હરજીભાઈ દેવશીભાઈ નકુમે દ્વારકા પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદ અનુસાર, અગાઉ વડીલો દ્વારા જમીનની વહેંચણી કરી દેવામાં આવી હતી. પરંતુ હાલ જમીનની કિંમતમાં મોટાપાયે ઉછાળો આવતા કૌટુંબિક સભ્યો દ્વારા તેમની પાસે વધારાની જમીનની માંગણી કરવામાં આવી હતી, જેના પરિણામે આ બનાવ બન્યો હતો.

ફરિયાદમાં જણાવ્યા મુજબ, હરજીભાઈના કૌટુંબિક ભાઈઓ પરસોતમ ગોવિંદભાઈ નકુમ અને વાલજી ગોવિંદભાઈ નકુમે તેમની પાસે પોતાના હિસ્સામાંથી ૫ વીઘા જમીન આપવા માટે દબાણ કર્યું હતું. જોકે હરજીભાઈએ આ માંગણીનો સ્પષ્ટ ઇનકાર કરી દેતાં બંને પક્ષો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. બોલાચાલી દરમિયાન આવેશમાં આવી ગયેલા આરોપીઓએ હરજીભાઈને બિભત્સ ગાળો આપીને લોખંડના પાઇપ અને લાકડાના ધોકા વડે તેમના પર હુમલો કરી દીધો હતો.

આ હિંસક હુમલા દરમિયાન હરજીભાઈને બચાવવા વચ્ચે પડેલા તેમના પત્ની અને પુત્ર પર પણ આરોપીઓએ હુમલો કરીને માર માર્યો હતો. આ ઘટનામાં પરિવારના ત્રણેય સભ્યોને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. તેમજ આરોપીઓ જાનથી મારી નાખવાની ધમકી આપીને ફરાર થઈ ગયા હતા. જમીનના મુદ્દે

અનુ પાના નં.૨ પર

# જામનગર બાયપાસ માર્ગ પર ખીમલિયાના પાટીયા પાસે મોટરકાર અડફેટે બાઈકઃ બે યુવાનોને ઈજા







જામનગર બાયપાસ રોડ પર ખીમલિયાના પાટીયા પાસે એક મોટરકારે ડબલસવારી મોટર સાયકલને અડફેટે લેતાં બંને યુવાનોને ઈજા થઈ હતી. સ્થળ પર એકઠાં થઈ ગયેલા લોકાના ટોળાના પગલે પોલીસ દોડી ગઈ હતી. ઈજાગ્રસ્ત બંને યુવાનોને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં.

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com